## આકાશવાણી-મુંબઈ દ્વારા કવિ સંમેલન અને કલારંગ મહોત્સવ

આકાશવાણી મુંબઈ કેન્દ્ર દ્વારા તા. ૪ ફેબ્રુઆરીથી ૮ ફેબ્રુઆરી સુધી સાંજે છ કલાકે કલારંગ મહોત્સવ ઉજવવામાં આવનાર છે. ચર્ચગેટ ખાતેના આકાશવાણી સભાગૃહમાં સોમવાર ૪ ફેબ્રુઆરીથી ૮ ફેબ્રુઆરી સુધી પાંચ દિવસ સળંગ નાટક, લાવણી સંગીત તેમ જ વિવિધ ભાષાના કવિ સંમેલન યોજાનાર છે. ૮ ફેબ્રુઆરીના સાંજે છ કલાકે કવિ સંમેલનમાં અનીલ જોશી અને માલા કાપડિયા તેમની કૃતિ રજૂ કરશે. સૂત્રસંચાલન મહેશ કેળસ્કરનું રહેશે.

## કલ્યાણને મળશે બે કરોડના ખર્ચે ચોપાટી

કલ્યાણવાસીઓને ફરવા માટે ગિરગામ કે જૂહુ જેવી ચોપાટી મળશે, તેવી જાહેરાત મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કલ્યાણના વિધાનસભ્ય પ્રકાશ ભોઈરે કરી હતી. આ માટે ભોઇરે મહારાષ્ટ્ર પર્યટન વિભાગ પાસેથી રૂ. બે કરોડનું ફં મંજૂર કરાવ્યું છે. કલ્યાણના દુર્ગાડી કિલ્લા પાસે આવેલા ગણેશઘાટના પરિસરની ચાર હેક્ટર જગ્યાને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે.


## ...ક નોટીસ

NMUMBAI
AGARPALIKA

...૩૧ ૨૦૧૨-૧૩ના
...૨૦૧૩
...ને મેન્ટેનન્સ) સ્ટોર્મ વોટર ડ્રેન્સ.
...ટિસ
...કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | પાકતી તારીખ |
|---|---|
| ...D ના સેકશન ... સાઈઝ, હેવી ..., ૪૫૦ મીમી | પેકેટ - A&B/ ૧૧-૨-૨૦૧૩ |
| ...મીમી × ૫૦૦ ...ંગલ ગ્રેટીંગ્સની | પેકેટ - C/ ૧૩-૨-૨૦૧૩ |

... સુધી portal.mcgm.gov.in/tender

સહી/-
(વી. એલ. કામ્બ્લે)
ડે. ચી. એન્જી. (O&M)
સ્ટોર્મ વોટર ડ્રેન્સ (ઈ/ચા)


# માથેરાનમાં રોપવેની આગેકૂચ

મુંબઈઃ સુપ્રીમ કોર્ટ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ માથેરાનમાં રોપવે શરૂકરવા માટે ઊભી કરવામાં આવેલી માથેરાન રોપવે પ્રાઈવેટ લિમિટેડ કંપનીને ડેવલપર તરીકે જાહેર કરવાની અંતિમ અધિસૂચના બહાર પાડવામાં આવી હતી. માથેરાનમાં જો રોપવે શરૂકરવામાં આવે તો આ સ્થળનો પર્યટનસ્થળ તરીકે વિકાસ થઈ શકે છે. માથેરાનમાં રોપવે શરૂ કરવાની યોજના વિનયચંદ કોઠારીએ ૨૦૦૯માં તરતી મૂકી હતી. તે માટે માથેરાન રોપ વે પ્રા. લિ. કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. વાહનવ્યવહારની દૃષ્ટિ આ યોજના આવશ્યક હોઈ માથેરાન નગરપાલિકા સહિત સ્વયંસેવી સંસ્થા અને વ્યાવસાયિક સંગઠનોએ આ યોજનાને પીઠબળ પૂરું પાડ્યું હતું. આ દરમિયાન માથેરાનને પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર જાહેર કરવાની હિલચાલ શરૂ કરતા આ રોપવે યોજના અભરાઈ પર ચઢાવી દેવામાં આવી હતી.

આ બાબતે સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને યોજનાને લીલી ઝંડી મળી હતી. ડેવલોપર એટલે કે માથેરાન રોપવે પ્રા લિ. કંપનીની અંતિમ અધિસૂચના પ્રસિદ્ધ કરવામાં આવી હતી. અંતિમ પરવાનગીઓ મળ્યા બાદ બે વર્ષમાં યોજના પૂર્ણ કરવાની શરત મૂકવામાં આવી હતી.■

## ઓપેરા હાઉસના હીરાવેપારી સાથે ઠગાઈ

મુંબઈઃ ખરીદીને બહાને ઓપેરા હાઉસના હીરાવેપારી પાસેથી લીધેલા રૂ. ૧૧ લાખના હીરા પાછા ન આપતાં ...

## આનંદો! મઝગાંવ ડોકમાં ઊભી થઇ અધધધ ૧૦૦૦૦ નોકરીની તક

મુંબઈઃ યુદ્ધજહાજ અને સબમરીનના નિર્માણમાં સૌથી મોખરે છે એવી મઝગાંવ ગોદી પાસે હજારો ...

### સમુદ્રની સુરક્ષા માટે ખર્ચાશે રૂ. ૬૦૦ કરોડ

## સમાચાર સંક્ષેપ



**▶▶ જ્ઞાનના પંથે** આઇસીસી મહિલા ક્રિકેટ વ... કપની મહિલા ખેલાડી મિતાલી રાજ અને ઝુલન ગોસ્વામી... હસ્તે કોલાબા ફાયર સ્ટેશન નજીક કોલાબા મરાઠી મ્યુનિસિપ... સ્કૂલ ખાતે રૂમ ટુ રીડ લાઇબ્રેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ... હતું.

(નિકોલસ પ...)